આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

15 દિવસ બાકી મતદાન

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૬૩ | ૩ ડિસેમ્બર, ૨૦૧૨, સોમવાર; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ચૂંટણી પ્રચારનો ધમધમાટ

## કોંગ્રેસ અને ભાજપ દ્વારા ચૂંટણી પ્રચારનો ધમાકેદાર આરંભ : ભાજપની જાહેરસભાઓ જ્યારે કોંગ્રેસ દ્વારા ઘર-ઘરનો સંપર્ક આરંભાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ ધીમી ગતિએ જામી રહ્યો છે. અહિ ભાજપ દ્વારા જાહેરસભાઓ યોજવામાં આવી રહી છે તો કોંગ્રેસ દ્વારા મિત્રમંડળના રાજકારણની જેમ ગૃપ બેઠકોનું આયોજન કરી પ્રચાર ઝુંબેશના શ્રી ગણેશ કરાયા છે.

૩૦મીએ ઉમેદવારી પત્રો ભરાયાના કલાકો પછી જ મુખ્ય પક્ષો દ્વારા આ ચૂંટણીના પ્રચાર ઝુંબેશનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. ૧૫ જ દિવસનો ટુંકો સમયગાળો પ્રચાર અભિયાનને લઈ મળ્યો હોવાથી ઉમેદવારો માટે પણ રાત ટૂંકી ને વેશ ઝાઝા જેવી સ્થિતિ થઈ છે.

મુખ્ય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગીને લઈ થયેલી કવાયતો અને રાજકીય સસ્પેન્શો ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ રાત સુધી રચાતા રહ્યા હોવાથી કાર્યકરો પણ હજુ કળ પામી શક્યા નથી.

જો કે ભાજપે જિલ્લામાં અનંતકુમાર, અડવાણીજી, ગોપીનાથ મુંડેની જાહેરસભાઓ યોજી આક્રમક પ્રચારનો પ્રારંભ કરી દીધો છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષે પણ ગૃપ બેઠકો અને મિત્રમંડળનું રાજકારણ હાથ ધરી પ્રચાર અભિયાનના પ્રારંભ કર્યા છે. આ ઉપરાંત ગ્રામીણ આગેવાનોનો પણ સીધો સંપર્ક કરી અને પ્રચાર અભિયાન આગામી એક-બે દિવસમાં જ વેગીલુ બનાવી દેવાની વ્યુહરચના તૈયાર કરી દીધી હોવાનું કોંગ્રેસના આગેવાનો જણાવી રહ્યા છે.

ભાજપ દ્વારા ૪થીએ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની થ્રીડી સભાનું ગાંધીનગર અને માણસામાં આયોજન કરાયું છે. આ ઉપરાંત ૪થીએ જિલ્લામાં અન્ય રાષ્ટ્રીય નેતાઓની પણ સભાઓનું આયોજન કરાયું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

બીજી તરફ પરિવર્તન પાર્ટી દ્વારા પણ ખાટલા પરિષદો અને ગ્રામ્ય વિસ્તારમાં લોકસંપર્ક અભિયાન આરંભી દેવામાં આવ્યું છે.

જિલ્લામાં ચૂંટણીનું વાતાવરણ જે રીતે આકાર પામી રહ્યું છે તે જોતાં એવુ લાગી રહ્યું છે કે આગામી બે થી ત્રણ દિવસમાં જ પ્રચાર અભિયાન જામી જશે અને વાતાવરણાં ગરમાવો જોવા મળશે. જો કે રાત્રિ બેઠકોનું મહત્વ વધી રહ્યું છે. ઠંડીનો માહોલ અને પાક-વાવણીનો સમય હોવાથી બધા પક્ષોએ હાલ શહેરી વિસ્તારમાં પ્રચાર અભિયાન પર વધુ ભાર મુક્યો છે.



ના, આ તુલસી વિવાહની તસવીર નથી. તસવીર છે સેક્ટર-૩માં રહેતી માનસિક વિશિષ્ટ યુવતિ નેહલનાં શ્રીકૃષ્ણ સાથેના લગ્નની. નેહલના લગ્નના કોડ પૂર્ણ કરવા તેના પરિવારજનોએ આ લગ્ન મહોત્સવનું આયોજન કર્યુ હતું, જેમાં સગા-સ્નેહીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : દિપક જાની)

# આજે બીજા તબક્કાની ૯૫ બેઠકોનું ચિત્ર સ્પષ્ટ બનશે

## ઉમેદવારીપત્ર પાછુ ખેંચવાના અંતિમ દિને ૯૫ બેઠકોનું આખરી ચિત્ર સ્પષ્ટ બનશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો સહિત વિધાનસભાની બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે આજે ઉમેદવારી પત્ર પાછુ ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી સાંજ સુધીમાં ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

ગાંધીનગર જિલ્લામાં ૬૯ ઉમેદવારીપત્રો માન્ય ઠર્યા છે. આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી રાજકીય આગેવાનો દ્વારા અપક્ષોના ટકરાવને ટાળવા માટેના છેલ્લી ક્ષણ સુધી તેમના દાવપેચ ખેલવાના પ્રયાસો કરી રહ્યા છે.

મુખ્ય રાજકીય પક્ષોના સ્પર્ધકોના આંતરિક સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેટલાક અપક્ષ ઉમેદવારોએ આ ચૂંટણીમાંથી ખસી જવા માટેનું મન બનાવી લીધુ છે.

બીજી તરફ જિલ્લામાં બહુકોણીય જંગ ખેલાશે અને અપક્ષો પરિણામોના સમીકરણો બદલશે તેવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે. જો કે આજે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યા બાદ જ જિલ્લાના રાજકારણમાં કેવા સમીકરણો બનશે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

## ગાંધીનગર-માણસામાં થ્રીડીના માધ્યમથી મુખ્યમંત્રીની સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ૪થી ડિસેમ્બરે ગાંધીનગર, માણસા સહિત(૫૨) બાવન સ્થળો પર થ્રીડી જાહેરસભા યોજશે

મુખ્યમંત્રીશ્રીની આ થ્રીડી સભા અંગેના આયોજનની તૈયારીઓ પક્ષના આગેવાનો દ્વારા શરૂ કરી દેવામાં આવી છે જો કે સ્થળની પસંદગી આજે સવારે કરવામાં આવશે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

ભાજાપાના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં થ્રીડીની આધુનિક ટેકનોલોજીના માધ્યમથી લાભપાંચમના દિવસે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના ચાર મહાનગરોમાં જનતા જનાર્દનને સંબોધન કર્યું હતું અને ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો.

થ્રીડી ટેકનોલોજીના માધ્યમથી ચૂંટણી પ્રચારના આગામી કાર્યક્રમોની વિગતો આપતા શ્રી આઈ. કે. જાડેજાએ વધુમાં જણાવ્યું છે કે ૪ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રીશ્રી ગુજરાતમાં એક સાથે ૫૨ સ્થાનો પર થ્રીડી ટેકનોલોજીના માધ્યમથી જાહેર સભાઓને સંબોધશે. ગુજરાતની ૫૨ વિધાનસભા બેઠકો પર એક સાથે થ્રીડીની આધુનિક ટેકનોલોજીના માધ્યમથી લાખ્ખો પ્રજાજનોને ગુજરાતમાં ભાજપાની સરકારને પુનઃ સ્થાપતિ કરવા અને મોંઘવારી અને ભ્રષ્ટાચારનો ભ્મોરિંગ સર્જનાર કોંગ્રેસને જાકારો આપવા હાકલ કરશે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે થ્રીડી ટેકનોલોજીના માધ્યમથી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૯ નવેમ્બરના રોજ ૨૬ સ્થાનો પર એક સાથે સભાઓ સંબોધી હતી. ૨૬ સ્થાનો પર ૨ લાખથી વધારે જનતા-જનાર્દને સભાઓમાં હાજરી આપી હતી. થ્રીડી ટેકનોલોજીના માધ્યમ દ્વારા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના રેકોર્ડીંગ કરેલા પ્રવચનો સાથેના ''થ્રીડી વિકાસ રથ'' સમગ્ર રાજ્યમાં જીલ્લે-જીલ્લે ભ્રમણ કરી રહ્યા છે અને અસંખ્ય સ્થાનો પર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંદેશો પહોંચાડી રહ્યા છે.



અમદાવાદના એક પાર્ટી પ્લોટમાં ટિકિટથી વંચિત રહેલા કોંગ્રેસના નેતાઓ નરહરિ અમીન, હિમ્મતસિંહ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના અગ્રણી ઈશ્વરસિંહ ચાવડા ભાજપામાં જોડાયા

## માણસા ખાતે અડવાણીની જાહેરસભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાનાં કોંગ્રેસના અગ્રણી અને પૂર્વ રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ ચાવડા આજે વિધિવત્ રીતે ભાજપમાં જોડાઈ ગયા છે.

ટિકિટ વહેંચણીના મુદ્દે અને થઈ રહેલી સતત અવગણનાથી નારાજ થયેલા શ્રી ચાવડાએ ગઈકાલે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે બેઠક યોજી હતી અને આજે માણસા ખાતે ભાજપના મોભી શ્રી લાલકૃષ્ણ અડવાણીની હાજરીમાં યોજાયેલી જાહેરસભામાં ભાજપમાં વિધિવત્ રીતે જોડાવાની જાહેરાત કરી હતી.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસમાં ઉભી થયેલી સ્થિતિને થાળે પડવાનું નામ લેતી જ નથી. મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા સહિત જિલ્લાના કોંગી આગેવાનો જે રીતે ભાજપમાં જોડાઈ રહ્યા છે તેને લઈ પક્ષની નેતાગીરી ચિંતીત બની છે. જો કે એક પછી એક ઝટકા કોંગ્રેસની નેતાગીરી જીલી રહી છે. મેયરના બળવાને લઈ મૌન બનેલી કોંગ્રેસની નેતાગીરી હજુ પણ મૌન બની પરિસ્થિતિમાં શું કરવું તે માટે દિશાહીન હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

### નરેન્દ્ર મોદી ભાજપનું ગૌરવ છે : લાલકૃષ્ણ અડવાણી

ગુજરાતમાં નરેન્દ્ર મોદીના નેતૃત્તવમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે દેશ માટે દાખલારૂપ વિકાસ કર્યો છે એમ માણસા ખાતે યોજાયેલી જાહેરસભામાં ભાજપના વરિષ્ઠ અગ્રણી શ્રી લાલકૃષ્ણ અડવાણીએ જણાવ્યું હતું. શ્રી અડવાણીએ ઉમેર્યુ હતું કે, નરેન્દ્ર મોદી ભાજપ માટે ગૌરવરૂપ છે. અને આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણીમાં પણ નરેન્દ્ર મોદીના પેટર્ન મુજબ ચૂંટણી રણનીતિ ઘડાશે. શ્રી લાલકૃષ્ણ અડવાણીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા ઉમેર્યુ હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા ભ્રષ્ટાચાર વિક્રમજનક થયો છે. આ કોંગ્રેસને હટાવવા માટે ગુજરાતની ચૂંટણીમાં ભાજપને સમર્થન કરવા અડવાણીએ અપીલ કરી હતી.

# જિલ્લા કોંગ્રેસમાં ડેમેજ કંટ્રોલની કવાયત

## અશોક તન્વર અને બી.કે. હરિપ્રસાદે મામલો હાથ પર લીધો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા બાદ હવે પ્રદેશ અગ્રણી અને પૂર્વ રાજ્યમંત્રી તથા પંચાયત અગ્રણી શ્રી ઈશ્વરસિંહ ચાવડાએ આજે ભાજપમાં જોડાવાની કરેલી જાહેરાતને પગલે દિલ્હીથી દોડી આવેલા અશોક તન્વરે આજે ડેમેજ કંટ્રોલની કામગીરીનો દોર હાથમાં લીધો છે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ આજે શ્રી તન્વર અને ગુજરાતના પ્રભારી રહી ચુકેલા શ્રી બી.કે. હરિપ્રસાદે જિલ્લાના આગેવાનો સાથે બેઠકોનો દોર આરંભ્યો છે.

તેમણે આજે શહેર કોંગ્રેસના કેટલાક આગેવાનો સાથે બેઠક યોજી હતી. તેમજ ટિકિટ વહેંચણીના મુદ્દે જે હાઈવોલ્ટેજ ખેલાયા હતા તેની વિગતો મેળવી કાર્યકરોની નારાજગીનો અંદાજ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

કલોલ-માણસા તેમજ દહેગામ તાલુકામાં જે રીતે કાર્યકરોની નારાજગી ઉભી થઈ રહી છે અને



પક્ષના આગેવાનો પક્ષ સાથે છેડો ફાડી રહ્યા છે એટલુ જ નહિ પક્ષના ઉમેદવારોનું પ્રચાર કાર્ય પણ ગોઠવી શકાતુ નથી તેને લઈ પક્ષની નેતાગીરી અત્યંત ચિંતીત બની છે.

પક્ષના આગેવાનોને કામે લાગી જવા સમજાવવાના ભરપૂર પ્રયાસો પ્રદેશ કક્ષાએથી પહેલી વાર હાથ ધરાયા છે.

પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એકાદ દિવસમાં પક્ષના નેતાઓ જિલ્લાના પ્રવાસે એવી શક્યતાઓ પણ નકારાતી નથી.

